# BUSINESS મિત્ર

### બેન્ક તથા એનબીએફસી શેરોમાં બેઉતરફી વલણ, મિડ-સ્મોલ શેરો ઉછળ્યા

# આઇટી શેરોમાં યુ ટર્નની પાછળ સેન્સેક્સ 72000 તથા નિફ્ટી 21700ની ઉપર

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

**અમદાવાદ, તા. 5:** ભારતીય શેરબજારમાં સપ્તાહના અંતિમ દિવસે બેઉતરફી વધઘટ સાથે નજીવા સુધારા સાથે બંધ રહ્યા હતા. બેન્ક-એનબીએફસી શેરોમાં મિશ્ર વલણ રહેતા નજીવા ઘટાડા સાથે બંધ રહ્યા હતા. ગઇકાલે રેટિંગ એજન્સીઓના નબળા રેટિંગના પગલે આઇટી શેરોમાં દબાણ રહ્યા બાદ આજે સર્વિસીસ પીએમઆઇ ડેટા જાહેર થતાં આઇટી શેરોમાં યુ ટર્ન જોવાયું હતું. દેશનો સર્વિસીસ પીએમઆઇ 56.9થી વધીને ડિસેમ્બરમાં 59નો થયો છે. જે સપ્ટેમ્બર પછીનો સૌથી વધુ છે. આમ, ડિસેમ્બરમાં નવા બિઝનેસ ઈન્ટેકમાં માત્ર વધારો થયો નથી, પરંતુ ત્રણ મહિનામાં સૌથી મોટી હદ સુધી પણ વધારો થયો છે.

**સેન્સેક્સ 178 પોઈન્ટ અને નિફ્ટી 52 પોઈન્ટ સુધર્યા**

ભારતીય શેરબજારમાં સેન્સેક્સ 178.58 પોઈન્ટ એટલે કે 0.25 ટકા સુધરીને 72000 પોઈન્ટની સપાટી કુદાવીને 72026.15 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સમાં 72156 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 71780 પોઈન્ટ સુધી ઘટયા હતા. નિફ્ટી 52.20 પોઈન્ટ એટલે કે 0.24 ટકા સુધરીને 21700 પોઈન્ટની સપાટી કુદાવીને 21710.80 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 21750 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 21629 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટીમાં બેઉતરફી વધઘટે 36.85 પોઈન્ટ એટલે કે 0.08 ટકા ઘટીને 48159.00 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે વન વામ લિ.માં 77.41 ગણા, ક્રિષ્ણા ઈન્સ્ટીટયુટમાં 39.97 ગણા, નેસલે ઈન્ડિયામાં 13.38 ગણા, ફિનોલેક્સ ઈન્ડ.માં 10.49 ગણા અને વરૂણ બેવરેજીસમાં 8.14 ગણા કામકાજ થયા હતા. એનએસઈ ખાતે નેસલે ઈન્ડિયામાં 19.04 ગણા, ફિનોલેક્સ ઈન્ડ.માં 10.76 ગણા, એન્ડ્રુએન્સ ટેકનોમાં 10.67 ગણા, ટ્રાઈડન્ટ લિ.માં 6.53 ગણા અને ક્રિષ્ણા ઈન્સ્ટીટ્યુટમાં 5.82 ગણા કામકાજ થયા છે.

બ્રોડર માર્કેટમાં ધીમો સુધારો જોવાયો હતો. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 0.19 ટકા અને બીએસઈ સ્મોલકેપ ઈન્ડેક્સ 0.61 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જેના લીધે માર્કેટ બ્રેડથ પોઝિટિવ જોવાયો હતો. બીએસઈ ખાતે 2222 શેરો વધ્યા હતા, જ્યારે 1612 શેરો ઘટયા હતા અને 102 શેરો યથાવત રહ્યા હતા. જેના લીધે એનએસઈ વીઆઈએક્સ 5.25 ટકા ઘટીને 12.63 પર આવી ગયા છે.

નિફ્ટી આઈટી ઈન્ડેક્સ 1.29 ટકા વધ્યા હતા. જે છેલ્લા બે ટ્રેડિંગ સેસન્સમાં 1.33 ટકા વધ્યો હતો. જેમાં કોફોર્જ, ટીસીએસ, એલટીઆઈમાઈન્ડ્ટ્રી, પરસીસ્ટન્ટ સિસ્ટમ, ઈન્ફોસીસ, એમફેસીસ, એચસીએલ ટેકનો, વિપ્રો અને ટેક મહિન્દ્રા વધ્યા હતા.

**એશિયન બજારો અને યુરોપિયન બજારો ઘટયા**

વૈશ્વિક સ્તરે યુરોપિયન અને એશિયન બજારોમાં ઘટાડો જોવા મળ્યો હતો, કારણ કે યુરોપિયન ફુગાવાના મુખ્ય ડેટા અને વ્યાપકપણે જોવામાં આવતા માસિક યુએસ જોબ્સ રિપોર્ટ જાહેર થાય તે પહેલા રોકાણકારો સાવચેત હતા. એક સર્વેમાં બતાવવામાં આવ્યું હતું કે, જાપાનની ખાનગી ક્ષેત્રની પ્રવૃતિમાં સંકોચન સમાપ્ત થઈ ગયું છે. ડિસેમ્બર માટે એયુ જીબુન બેન્ક જાપાન કમ્પોઝિટ પીએમઆઈ 50 પર આવી હતી, જે અગાઉના મહિનામાં 49.6થી વધીને જાપાનના ખાનગી ક્ષેત્રના ઉત્પાદનમાં સ્થિરતાનો સંકેત આપે છે.

### રૂપિયામાં સુધારો આગળ વધ્યો

કરન્સી બજારમાં ડોલરની સામે રૂપિયો 7 વધીને 83.16ના સ્તરે બંધ રહ્યા હતા. આમ, સતત ત્રણ દિવસથી સુધારો જોવાયો હતો. જ્યારે ગત સેસન્સમાં ડોલરની સામે રૂપિયો 83.23ના સ્તરે બંધ રહ્યા હતા. અન્ય કરન્સીઓમાં યુરો 90.79, પાઉન્ડ 105.31, કેનેડિયન ડોલર 62.19, ઓસ્ટ્રેલિયન ડોલર 55.58, જાપાનીઝ યેન 0.5730 અને સીંગાપોર ડોલર 62.48ના સ્તરે બંધ રહ્યા હતા.

| | | |
|---|---|---|
| સેન્સેક્સ | 178.58 | 72026.15 |
| નિફ્ટી | 52.20 | 21710.80 |
| બેન્ક નિફ્ટી | -36.80 | 48159.00 |

**નિફ્ટી**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| અદાણી પોર્ટસ | 2.76 | 1154.25 |
| ટીસીએસ | 1.94 | 3737.90 |
| લાર્સન-ટુબ્રો | 1.83 | 3521.90 |
| એસબીઆઇ લાઇફ | 1.58 | 1454.15 |
| એલટીઆઇમાઇન્ડટ્રી | 1.39 | 5947.65 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| નેસલે ઇન્ડિયા | 1.67 | 2666.40 |
| બ્રિટાનીયા | 1.66 | 5272.35 |
| યુપીએલ | 1.09 | 581.25 |
| સન ફાર્મા | 0.97 | 1300.20 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 0.92 | 829.40 |

**સેન્સેક્સ**

ટોપ ગેઇનર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| ટીસીએસ | 1.93 | 3737.75 |
| લાર્સન-ટુબ્રો | 1.62 | 3515.05 |
| ઇન્ફોસીસ | 1.37 | 1532.90 |
| એક્સીસ બેન્ક | 1.16 | 1137.10 |
| એચસીએલ ટેકનો | 1.13 | 1435.65 |

ટોપ લુઝર્સ

| કંપનીનું નામ | ટકાવારી | ભાવ |
|---|---|---|
| નેસલે ઇન્ડિયા | 1.65 | 2666.90 |
| જેએસડબલ્યુ સ્ટીલ | 1.06 | 828.00 |
| કોટક બેન્ક | 0.83 | 1847.90 |
| સન ફાર્મા | 0.78 | 1302.40 |
| એશિયન પેઇન્ટસ | 0.71 | 3355.50 |

# ટ્રસ્ટોની 2.50 લાખની કરમુક્તિ

ટેક્સ ટ્વિટર
વિરેશ રૂદલાલ

મારા તા. 23-1-2023ના લેખમાં મેં જણાવેલું કે ચેરીટેબલ ટ્રસ્ટોની 2.50 લાખની કરમુક્તિને ધ્યાનમાં લેવાતી નથી અને સીધે સીધો 30 ટકાનો ટેક્ષ લાગુ કરી દેવાય છે. આ અંગે CPC તરફથી આવા અનેક ટ્રસ્ટોમાં ડિમાન્ડ નોટીસો ઇસ્યૂ થઇ હતી. ખાસ કરીને ગ્રોસ આવક 2.50 લાખથી ઓછી હોય એવા નાના ટ્રસ્ટોને આ મોટો માર પડે છે. CPC તરફથી તો ચેરીટેબલ ટ્રસ્ટો સહિતના તમામ AOP સંગઠનોને 2.50 લાખની કરમુક્તિ આપવા ઇન્કાર કર્યો છે. A.Y. 2023-24ના પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટોના સોફ્ટવેર અને યુટીલીટીમાં પણ આવી 2.50 લાખની કરમુક્તિ ધ્યાનમાં તો લેવાઇ નહીં બલ્કે એના ઉપર 30 ટકાનો MMR રેઇટ લાગુ કરી દીધો છે.

અનેક સી.એ. મિત્રોએ આ અંગે ચર્ચા કરી હતી જે સંદર્ભે મેં જણાવેલું કે કાયદામાં આવો કોઇ ફેરફાર નથી કે કરમુક્તિ રદબાતલ કરવાની કોઇ દરખાસ્ત નથી. તમામ સી.એ.એ. ફરજિયાત પણે ફોર્મ નં. 10 ભરીને કુલ આવક NIC કરી દીધી અને આમ આનો આવો ખોટો દાખલો બેસાડી દીધો.

**સમજવા જેવો ઇસ્યૂ**

કાયદામાં કોઇ ફેરફાર નથી. પરિપત્ર નથી. પરંતુ નવી કલમ 115 BBI કે જે A.Y. 2023-24થી અમલી બની છે જેમાં Explanation પેટા કલોમ Aમાં એવી સ્પષ્ટતા છે કે ટ્રસ્ટો સ્ટાન્ડર્ડ એકત્રિત 15 ટકા સુધી જ કરી શકે છે. અને 15 ટકાથી વધારાનું એકત્રિતકરણ ઉપર સીધો 30 ટકાનો ટેક્ષ લાગશે. જેણે બળતામાં ઘી હોમવાનું કામ કર્યું. વળી ઓડિટરે પણ ફોર્મ નં. 10Bમાં આ અંગે સ્પષ્ટતા કરવાની છે. વળી કલમ 11(1)(A) મુજબ CBDTનું પણ અર્થઘટન કંઇક એવું છે કે ટ્રસ્ટને 100 રૂ.ની આવકમાંથી 15 ટકા રૂ. ઓટોમેટીક/સ્ટાન્ડર્ડ એકત્રિત જ બાદ મળે અને એનાથી વધારે થાય તો એના ઉપર 30 ટકા ટેક્ષ લાગે. હવે વ્યવહારિક રીતે બન્યું એવું એક ટ્રસ્ટની આવક (ગ્રોસ) 5 લાખ છે જેની સામે ટ્રસ્ટે 325000નો ખર્ચ કર્યો અને 15 ટકા લેખેની સ્ટાન્ડર્ડ કપાત 75000 બાદ લઇ નેટ આવક 1 લાખ બતાવી, હવે હકિકતમાં વર્ષોથી ચાલી આવેલ 2.50 લાખ સુધી કરમુક્તિને ધ્યાનમાં લઇને ટ્રસ્ટે આ પ્રમાણેનું પ્લાનીંગ યોગ્ય રીતે કર્યું. પણ CPC તરફથી અને નવા સોફ્ટવેર મુજબ 15 ટકાની સ્ટાન્ડર્ડ કપાત 1.50 લાખ (75000+100000) ગણી અને 100000નો વધારો 30 ટકા મુજબ કરપાત્ર ગણ્યો. છેવટે ઘણા ટ્રસ્ટોએ 100000ને એકત્રિત આવકમાં Form 10માં બતાવીને સમસ્યાનો હલ શોધ્યો.

**છેવટે બોર્ડ નોટીફીકેશન તા. 31-10-23**

છેવટે બોર્ડે તા. 31-10-23ના નોટીફીકેશનથી Part B-TIમાં કોલમ નં. 16 અને 17 તથા Part B-TTIમાં કલોમ (a)માં યોગ્ય ફેરફારો કરીને આ પ્રશ્ન હલ કરી દીધો છે જેથી હવે CPC તરફથી કોઇ ડિમાન્ડ ઊભી થશે નહીં. જે ડિમાન્ડ ઊભી થઇ છે તે અંગે અપીલ દાખલ કરીને બોર્ડ નોટીફીકેશનનો હવાલો આપી દેવાથી ઉકેલ આવી જશે.

# નવા વર્ષમાં ઘર-ઓટો લોન સસ્તી થશેઃ અડધા ટકાથી સવા ટકા સુધી સસ્તી લોન થઇ શકે

**ફુગાવો** નિયંત્રણમાં છે, અમેરિકામાં પણ વ્યાજદર ઘટવાની ચર્ચા શરૂ થઇ છે, જેથી વ્યાજદર ઘટવાની સંભાવના વધી છે

**નવી દિલ્હી, તા. 5:** હોમ લોન તથા ઓટો લોન લેનારાઓને આ વર્ષ રાહત મળી શકે છે. દેશના ટોચના બેન્કરોને આશા છે કે, વર્ષ 2024માં હોમ અને ઓટો લોનના વ્યાજદરમાં અડધા ટકાથી સવા ટકાનો ઘટાડો કરવામાં આવશે. તેનાથી હાલના અને નવા હોમ લોન ગ્રાહકોને ફાયદો થશે. છેલ્લા દોઢ વર્ષમાં રેપો રેટમાં 2.5 ટકાનો વધારો થવાને કારણે લોકોની લોનની ઈએમઆઈ 16 ટકાથી વધીને 23 ટકા થઈ ગઈ છે. આવી સ્થિતિમાં વ્યાજદરમાં ઘટાડો મોટી રાહત આપી શકે છે. બેંકોની કુલ લોનમાં હોમ લોનનો હિસ્સો 47.1 ટકા અને ઓટો લોનનો હિસ્સો 12 ટકાથી વધુ છે. બેન્ક ઓફ મહારાષ્ટ્રના એમડી આરએ રાજીવે જણાવ્યું હતું કે, રેટ ઘટવા લાગ્યા છે અને આરબીઆઇ જૂન-જુલાઈમાં રેપો રેટમાં ઘટાડો કરી શકે છે. કેનેરા બેંકના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર ભાવેન્દ્ર કુમારે જણાવ્યું હતું કે કેટલીક બેંકોએ હોમ લોનના વ્યાજ દરો ઘટાડવાનું શરૂ કર્યું છે. વિશ્લેષકોનું માનવું છે કે રિટેલ ફુગાવો ઘટ્યો છે. આવી સ્થિતિમાં આરબીઆઈ બીજા ક્વાર્ટર અથવા જૂન અથવા જુલાઈમાં રેપો રેટમાં ઘટાડો કરવાનું શરૂ કરશે.

# અન્ય સાથી દેશોની સરખામણીએ ભારતીય અર્થવ્યવસ્થા સારો દેખાવ કરશેઃ સંયુક્ત રાષ્ટ્ર

**2024ના** વર્ષમાં ભારતનો વિકાસ દર 6.2 ટકા રહેવાનો અંદાજ

**નવી દિલ્હી, તા. 5:** સંયુક્ત રાષ્ટ્રએ આ વર્ષે ભારતનો વિકાસ દર 6.2 ટકા રહેવાનું અનુમાન વ્યક્ત કર્યું છે. વર્લ્ડ ઈકોનોમિક સિચ્યુએશન એન્ડ પ્રોસ્પેક્ટ્સ 2024ના અહેવાલમાં, યુનાઈટેડ નેશન્સે જણાવ્યું હતું કે, મજબૂત સ્થાનિક માંગ અને ઉત્પાદન અને સેવા ક્ષેત્રોમાં મજબૂત વૃદ્ધિને કારણે ભારતનો વિકાસ દર 2024માં 6.2 ટકા સુધી પહોંચવાનો અંદાજ છે, જે 2023માં 6.3 ટકાના અંદાજ કરતા થોડો ઓછો છે.

આ સાથે જ 2025માં ભારતનો જીડીપી ગ્રોથ 6.6 ટકા રહેવાનું અનુમાન છે. ઈકોનોમિક એનાલિસિસ એન્ડ પોલિસી ડિવિઝનના વડા હામિદ રશીદે જણાવ્યું હતું કે, ભારતીય અર્થતંત્ર માત્ર આ વર્ષે જ નહીં પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી તેના સાથીદારો કરતા વધુ સારૂ પ્રદર્શન કરી રહ્યું છે.

ભારતનો આર્થિક વિકાસ દર સતત 6 ટકાથી ઉપર રહ્યો છે અને અમારૂં માનવું છે કે તે 2024 અને 2025માં પણ ચાલુ રહેશે. ભારતમાં ફુગાવો ઊંચો હોવા છતાં ભારતે વ્યાજદરમાં વધુ વધારો કરવાની જરૂર પડી ન હતી અને ફુગાવાનો દર ઘટી ગયો છે.

વિશ્વમાં ભારત સૌથી ઝડપથી વિકસતું અર્થતંત્ર રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે ભારતના મજબૂત વિકાસથી પ્રેરિત થઈને 2024માં દક્ષિણ એશિયાનો વિકાસ દર 5.2 ટકા રહેવાની આશા છે.

### સનસ્ટાર લિ.એ ડીઆરએચપી ફાઇલ કરી

ખોરાક, પ્રાણી પોષણ અને ઔદ્યોગિક એપ્લિકેશન્સ માટે પ્લાન્ટ આધારિત સ્પે. પ્રોડક્ટસ અને ઇન્ગ્રેડિયન્ટ સોલ્યુશન્સના ભારતમાંના સૌથી મોટા ઉત્પાદકોમાંની એક એવી અમદાવાદ સ્થિત સનસ્ટાર લિ.એ આઇપીઓ માટે સેબીમાં ડીઆરએચપી ફાઇલ કર્યુ છે.

### તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

| | | | |
|---|---|---|---|
| સીંગતેલ (૧૫ કિ.) | ૨૮૫૦ | કોપરેલ | ૨૭૦૦ |
| સીંગતેલ (૧૫ લિ.) | ૨૭૦૦ | વનસ્પતિ ઘી | ૧૭૨૦ |
| સીંગતેલ (૫ લી) | ૯૦૦ | સનફ્લાવર | ૧૬૯૦ |
| કપાસીયા (૧૫ કિ.) | ૧૭૨૦ | તલતેલ | ૬૫૦૦ |
| કપાસીયા (૧૫ લિ.) | ૧૫૯૦ | દિવેલ | ૨૧૫૦ |
| કપાસીયા (૫ લિ.) | ૫૮૦ | મકાઇ તેલ | ૧૮૦૦ |
| સરસીયું તેલ | ૨૧૫૦ | | |

### સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

| | |
|---|---|
| સટાન્ડર્ડ સોનું | ૬૪૫૧૦ |
| તેજાબી સોનું | ૬૪૪૨૦ |
| દાગીના-૨૨ કેરેટ | ૬૧૨૮૫ |
| દાગીના-બીએસઆઇ હોલમાર્ક | ૬૩૨૨૦ |
| સોનાનાં બિસ્કીટ | ૬૪૫૧૦૦ |
| ચાંદી (૯૯૯) | ૭૩૫૪૦ |
| ચાંદી સિક્કા | ૭૫૦૪૦ |

### જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂા.)

| | |
|---|---|
| **મહારાષ્ટ્ર** | |
| એમ-૩૦ (ભરવાલાયક) | ૪૨૦૦ |
| એમ-૩૦ | ૪૧૫૦ |
| એસ-૩૦ | ૪૧૦૦ |
| **ગુજરાત** | |
| એમ-૩૦ | ૪૦૫૦ |
| એસ-૩૦ | ૪૦૦૦ |











# જેફ્રી એપસ્ટેઈને સેક્સનો ઉપયોગ કરીને જબરદસ્ત આર્થિક સામ્રાજ્ય ઊભું કર્યું હતું






જેફ્રી એપસ્ટેઈન એક એવું નામ છે, જેની કથાએ સમગ્ર વિશ્વમાં હલચલ મચાવી છે. ગુરુવારે ન્યુ યોર્ક કોર્ટ દ્વારા સ્વર્ગસ્થ અબજોપતિ જેફ્રી એપસ્ટેઈનના કેસ સાથે સંબંધિત દસ્તાવેજો સામે આવ્યા ત્યારે આ વ્યક્તિના કારનામાનો પર્દાફાશ થયો હતો. આ દસ્તાવેજોએ માત્ર રાજકારણ, વ્યાપાર અને વિજ્ઞાનનાં ક્ષેત્રોમાં ખ્યાતિ મેળવનારા ચહેરાઓનો પર્દાફાશ નથી કર્યો, પરંતુ જેફ્રી એપસ્ટેઈન આર્થિક રીતે આટલો શક્તિશાળી કેવી રીતે બન્યો અને તેણે કેવી રીતે અઢળક સંપત્તિ મેળવી તે પણ જાહેર કર્યું છે. ન્યુ યોર્ક કોર્ટમાંથી જાહેર કરાયેલા દસ્તાવેજો અનુસાર સેક્સ અપરાધી જેફ્રી એપસ્ટેઈનનાં કાળાં નાણાંનાં તમામ રહસ્યો ખુલ્લામાં આવી ગયાં છે. જેફ્રી એપસ્ટેઇનનો વ્યવસાય મૂળભૂત રીતે ફાઇનાન્સનો હતો. ઓગસ્ટ ૨૦૧૯ માં તે મેનહટન જેલની કોટડીમાં મૃત હાલતમાં મળી આવ્યો ત્યારે તેની ઉંમર ૬૬ વર્ષની હતી. તેની સામે સેક્સ ટ્રાફિકિંગના આરોપો સંબંધિત કેસો પેન્ડિંગ હતા. તે સમયે તેની કુલ સંપત્તિ ૫૬ કરોડ ડોલરની આસપાસ હતી. એપ્સ્ટેઈનની મિલકતોમાં અનેક ભવ્ય હવેલીઓનો સમાવેશ થાય છે.

મેનહટનની અપર ઇસ્ટ સાઇડ પર જેફ્રી એપસ્ટેઇન પાંચ કરોડ ડોલરથી વધુની કિંમતનું વૈભવી ટાઉન હાઉસ ધરાવતો હતો. તેની પાસે પામ બીચ, ફ્લોરિડામાં એક હવેલી પણ હતી, જેની કિંમત લગભગ ૧.૨ કરોડ ડોલર હતી. તેની પાસે ન્યુ મેક્સિકોમાં ૧.૭ કરોડ ડોલરની કિંમતની જમીન અને પેરિસમાં એક એપાર્ટમેન્ટની કિંમત લગભગ ૮૬ લાખ ડોલર છે. તેની પાસે કેરેબિયનમાં બે અંગત ટાપુઓ પણ હતા. ગ્રેટ સેન્ટ જેમ્સ અને લિટલ સેન્ટ જેમ્સ નામના ટાપુઓની કિંમત તેના મૃત્યુ પછી ૮.૬ કરોડ ડોલર આંકવામાં આવી હતી. એપસ્ટેઈન પાસે એક પ્રાઈવેટ જેટ પણ હતું. જેફ્રી એપસ્ટેઈન પર સગીર છોકરીઓનું જાતીય શોષણ કરવાનો અને તેમનો રાજકીય ઉપયોગ કરવાનો આરોપ હતો. તે છોકરીઓને ભૂતપૂર્વ રાષ્ટ્રપતિઓ અને દિગ્ગજોને મોકલવામાં આવી હતી. આમાંથી તે અબજોની સંપત્તિનો માલિક બની ગયો હતો.

જેફ્રી એપસ્ટેઈન સામેનો કેસ અમેરિકન મહિલા વર્જિનિયા રોબર્ટ્સ ગુફ્રેએ દાખલ કર્યો હતો. તેણીએ દાવો કર્યો હતો કે જેફ્રીએ તેણીના બાળપણમાં તેનું જાતીય શોષણ કર્યું હતું અને તેની ભૂતપૂર્વ ગર્લફ્રેન્ડ મેક્સવેલે તેમાં મદદ કરી હતી. એક દસ્તાવેજમાં ડિટેક્ટીવ જોસેફ રેકરે જણાવ્યું હતું કે જેફ્રી અને મેક્સવેલ છોકરીઓને શોધતા હતા અને પછી તેમને જેફ્રીના ઘરે મસાજ અને અન્ય કામ કરવા માટે ભરતી કરતા હતા. જ્યારે એટર્નીએ પૂછ્યું કે મેક્સવેલે કેટલી છોકરીઓની ભરતી કરી હશે? તો તેણે જવાબ આપ્યો કે લગભગ ૩૦ કે ૩૩. વકીલે ડિટેક્ટીવને આગળ પૂછ્યું કે મસાજ પૂરો કર્યા પછી પીડિતા અન્ય મિત્રોને લઈને આવી તો શું તેને પૈસા મળ્યા હતા? જવાબ મળ્યો કે એકદમ સાચું. વકીલે પૂછ્યું કે શું આનો અર્થ એ છે કે મસાજ એ અન્ય કોઈ વસ્તુ માટે એક પ્રકારનો કોડવર્ડ છે? જાસૂસે કહ્યું કે મસાજનો અર્થ જાતીય સંતોષ થતો હતો.

જેફ્રી એપસ્ટેઈન ઉપર વર્ષ ૨૦૧૬માં આરોપ લગાવનાર એક યુવતીએ કહ્યું હતું કે જ્યારે હું ૧૫-૧૭ વર્ષની હતી ત્યારે મને મસાજ આપવાનો કોઈ અનુભવ ન હોવા છતાં જેફ્રીને મસાજ આપવા માટે મને પૈસા આપવામાં આવ્યા હતા. હું સંમત થઈ હતી, કારણ કે મને તેમાં કોઈ શંકા નહોતી કે તેમાં જાતીય સંબંધ પણ છે, પરંતુ હું ખોટી હતી. ત્યાર બાદ તે જેફ્રીની સહાયક બની ગઈ હતી. જેફ્રીની વિનંતી પર તે હાઈસ્કૂલની અન્ય છોકરીઓને તેના ઘરે લઈ ગઈ હતી. એવું કહેવાય છે કે જેફ્રી પાસે ૭૨ એકરનો ખાનગી ટાપુ હતો, જ્યાં ઘણા બંગલાઓ બનાવવામાં આવ્યા હતા. જેફ્રી જે જાણીતાં લોકોનું મનોરંજન કરવા માગતો હોય તેમને આમંત્રણ આપીને આ ટાપુ પર લઈ જવામાં આવતાં હતાં. થોડાં વર્ષો પહેલાં અમેરિકન મિડિયામાં એવા સમાચાર આવ્યા હતા કે લોકો ત્યાં બોટમાં બેસીને આવતાં હતાં. જેફ્રી તેમને સગીર છોકરીઓ પૂરી પાડતો હતો અને બદલામાં પોતાના ધંધાદારી કામો કરાવી લેતો હતો. આ રીતે તેની સંપત્તિમાં વધારો થયા કરતો હતો. આ સંપત્તિનો ઉપયોગ તે પોતાના બહોળા સામ્રાજ્યના વિસ્તરણ માટે કર્યા કરતો હતો.

જેફ્રી એપસ્ટેઈને ૧૯૭૪માં ૨૦ વર્ષની ઉંમરે ધ ડાલ્ટન સ્કૂલમાં ગણિત શીખવવાનું શરૂ કર્યું, જે ન્યુ યોર્કની સૌથી પ્રતિષ્ઠિત સ્કૂલોમાંની એક હતી. તેણે ૧૯૭૬માં આ સ્કૂલ છોડી દીધી હતી. કહેવાય છે કે તેના ખરાબ પ્રદર્શનને કારણે તેને કાઢી મૂકવામાં આવ્યો હતો. આ પછી તેને બેંકમાં નોકરી મળી હતી. જો કે વર્ષ ૨૦૦૮માં આવેલી મહામંદી બાદ તે બેંક પડી ભાંગી હતી. આ પછી તેને તેની પસંદગીનો બિઝનેસ મળ્યો હતો. તે ઘણા અબજોપતિઓના મની મેનેજર બન્યો હતો. તેમાં એલ બ્રાન્ડ્સના સ્થાપક સીઈઓ લેસ વેક્સનર અને એપોલો ગ્લોબલ મેનેજમેન્ટના ચેરમેન લિયોન બ્લેકનો સમાવેશ થાય છે. સેનેટ ફાઇનાન્સ કમિટીના જણાવ્યા અનુસાર બ્લેકે જેફ્રી એપસ્ટેઈનને ટેક્સ અને એસ્ટેટ પ્લાનિંગ સેવાઓ માટે ૧૫.૮ કરોડ ડોલર ચૂકવ્યા હતા. એપોલોના બોર્ડ દ્વારા જેફ્રી એપસ્ટેઈન સાથેના બ્લેકના નાણાંકીય વ્યવહારની તપાસ કરવા માટે રાખવામાં આવેલી કાયદાકીય પેઢીએ બ્લેકને નિર્દોષ જાહેર કર્યા હતા તો પણ બ્લેકે ૨૦૨૧માં પ્રાઇવેટ ઇક્વિટી ફર્મના ચેરમેન અને સીઇઓ તરીકે રાજીનામું આપી દીધું હતું. ૨૦૨૩ના જુલાઈમાં બ્લેક જેફ્રી એપસ્ટેઈનના સેક્સ ટ્રાફિકિંગની તપાસથી ઉદ્ભવતા સંભવિત દાવાઓમાંથી મુક્ત થવા માટે યુએસ વર્જિન ટાપુઓને ૬.૨૫ કરોડ ડોલર ચૂકવવા સંમત થયા હતા.

એક દાયકા કરતાં વધુ સમય સુધી જેફ્રી એપસ્ટેઈન એલ બ્રાન્ડ્સના સ્થાપક સીઈઓ લેસ વેક્સનરનો અંગત મની મેનેજર અને બિઝનેસ એડવાઈઝર હતો. તેણે વેક્સનરના અબજો ડોલરનો વહીવટ કરીને કરોડો ડોલરની કમાણી કરી હતી. એલ બ્રાન્ડ્સે ૨૦૧૯ માં એક અખબારને જણાવ્યું હતું કે એપસ્ટેઇનના ગુનાઓ ઘૃણાજનક છે અને અમે નુકસાન પામેલાઓને ન્યાય અપાવવાના દરેક પ્રયાસને બિરદાવીએ છીએ. વેક્સનરે તે સમયે કર્મચારીઓને એક ઈમેલમાં જણાવ્યું હતું કે તેને જેફ્રી એપસ્ટીન સાથે સંકળાયેલા હોવાનો અફસોસ છે. તેમના કહેવા મુજબ જ્યારે એપસ્ટેઈન મારો અંગત મની મેનેજર હતો ત્યારે તે મારા નાણાંકીય જીવનનાં ઘણાં પાસાંઓ સાથે સંકળાયેલો હતો, પરંતુ હું તમને ખાતરી આપું છું કે હું જેફ્રી એપસ્ટેઈન પરના આરોપોમાં વર્ણન કરાયેલી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ વિશે ક્યારેય જાણતો ન હતો.

જેફ્રી એપસ્ટેઈન સાથે આર્થિક સંબંધો રાખવાને કારણે જે.પી. મોર્ગન અને ડોઇશ બેન્ક જેવી પ્રતિષ્ઠિત કંપનીઓની પણ બદનામી થઈ હતી. ગયા વર્ષે દેશની સૌથી મોટી બેંક દ્વારા પતાવટ કરાયેલ ક્લાસ એક્શન મુકદ્દમા મુજબ જે.પી. મોર્ગન ચેઝે જેફ્રી એપસ્ટેઈનને નાણાં ઉછીના આપ્યા હતા અને નિયમિતપણે તેને ૧૯૯૮ થી ઓગસ્ટ ૨૦૧૩ સુધીમાં મોટી રકમની રોકડ ઉપાડવા દીધી હતી. તે નાણાં લગભગ ૨૦૦ મહિલાઓને ચૂકવવામાં આવ્યાં હતાં.

૨૦૨૩ ના જૂનમાં એક અખબારને ઈમેલ કરેલા નિવેદનમાં જે.પી. મોર્ગને જેફ્રી એપસ્ટેઈનની વર્તણૂકને રાક્ષસી ગણાવી હતી અને કહ્યું હતું કે તે શરમજનક ફાઇનાન્સર સાથેના કોઈ પણ જોડાણ બદલ દિલગીરી અનુભવે છે. જેફ્રી એપસ્ટીને જર્મન ડોઈશ બેંક સાથે પણ નાણાંકીય વ્યવહારો કર્યા હતા. તેને કારણે ડોઇશ બેંક પર તેની ગેરકાયદે પ્રવૃત્તિમાં સંડોવણીના આક્ષેપો પણ થયા હતા.

ડોઇશ બેંક તેને સેક્સ ટ્રાફિકિંગથી ફાયદો થયો હતો અને જેફ્રી એપસ્ટેઈન સાથે કારોબાર કરીને નફો થયો હોવાના આક્ષેપ સાથેના મુકદ્દમાનું સમાધાન કરવા ૭.૫ કરોડ ડોલર ચૂકવવા સંમત થઈ હતી. ડોઇશ બેંકે સેટલમેન્ટ અંગે ટિપ્પણી કરવાનો ઇનકાર કર્યો હતો.

**જેફ્રી એપસ્ટેઇન પાંચ કરોડ ડોલરથી વધુની કિંમતનું વૈભવી ટાઉન હાઉસ ધરાવતો હતો. તેની પાસે પામ બીચ, ફ્લોરિડામાં એક હવેલી પણ હતી, જેની કિંમત લગભગ ૧.૨ કરોડ ડોલર હતી**

### જયોતિ સીએનસી ઓટોમેશનનો 9મીએ આઇપીઓ

મેટલ કટીંગ કમ્પ્યુટર ન્યુમેરિકલ કન્ટ્રોલ (સીએનસી) મશીનોના વિશ્વની અગ્રણી ઉત્પાદકોમાંની એક અને નાણાંકીય વર્ષ 2023માં ભારતમાં ત્રીજા સૌથી મોટા હિસ્સો ધરાવતી જયોતિ સીએનસી ઓટોમેશન લિ. 9મી જાન્યુઆરીએ આઇપીઓ ખુલ્યો હતો. જે 11મીએ બંધ થશે. જેનો પ્રાઇસ બેન્ડ રૂ. 315થી રૂ. 331 નક્કી કરવામાં આવે છે.

### યાર્ન બજાર

જીએસટી સાથેના ભાવ
સુરત નરેશ / મુકેશ ઘીવાળા
૩૫૧૬૪૪૬
૨૫૯૯૯૭૪

| | | | | | |
|---|---|---|---|---|---|
| **પ્રફુલ/સાલાસર/કેપલોન રૂા.** | | ૭૫/૩૬ '' | ૧૨૩ | ----- | --- |
| ૩૦/૨૪ બ્રાઇટ | ૨૬૫.૧૬ | ૫૦/૩૬ '' | ૧૩૪ | ૮૦/૭૨ બ્લેક રોટો | ૧૪૨ |
| ૩૦/૩૬ એફડી | ૨૭૫.૨૫ | ૫૦/૪૮ SD/ક્રેપ | ૧૯૫ | **ગાર્ડન** | |
| **લોકલ** | | **RIL રિલાયન્સ** | | ૪૯/૨૪ એફડીવાય | ૧૩૩ |
| ૬૨/૩૬ ક્રિમ્પ | ૧૩૨ | ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૭૩ |
| ૬૮/૩૬ | ૧૨૯ | ૧૧૪.૧૩ રોટો | --- | ૬૨ ક્રિમ્પ | ૧૩૩ |
| ૭૨/૩૬ ક્રિમ્પ | ૧૨૭ | ૧૦૦ ટેક્ષ | ૧૨૬ | ૬૮ ક્રિમ્પ | ૧૩૦ |
| ૯૦/૩૬ ક્રિમ્પ | ૧૨૩ | **વેલનોન** (જીએસટી સાથે) | | ૭૨ ક્રિમ્પ | ૧૨૮ |
| ૮૪/૪૮ ક્રિમ્પ | ૧૨૪ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ | ૭૫ ક્રિમ્પ | ૧૨૭ |
| ૩૦/૧૪ ક્રિમ્પ | ૧૮૫ | ૮૦/૭૨ ફોલ્ડર | ૧૪૨ | ૮૦ ક્રિમ્પ | ૧૨૪ |
| ૮૦/૭૨ રોટો. | ૧૨૮ | ૧૬૦ ડીસ્કેટ | ૧૫૦ | ૮૦/૭૨ રોટો | ૧૨૯ |
| ૮૦/૩૬ રોટો. | ૧૨૭ | --- | --- | ૩૦/૨૪ બ્રાઇટ | --- |
| ૧૫૦/૪૮બ્રાઇટ | ૧૧૯ | ૮૦/૧૦૮ '' | ૧૩૯ | ૩૦/૩૬ એફડી | --- |







